UK Health Security Agency

NHS



## તમારા બાળકના કોવિડ-19 (Covid-19) પછી

# શું અપેક્ષા રાખી શકાય વેક્સિનેશન



**5 થી 11 વર્ષની ઉંમરના બાળકોના માબાપો માટે માર્ગદર્શન**

**વધારે માહિતી મેળવો nhs/CovidVaccine**

E_12222_COVID-19_What_to_expect_5-11years_H200mm_leaflet 03_guj.indd 1 24/02/2022 17:43:1



## યોગ્યતા ધરાવતા બધા બાળકોને NHS કોવિડ-19 (COVID-19) વેક્સીન ઓફર કરે છે.

તમારા બાળકે તેમનું વેક્સીન લીધા પછી શું અપેક્ષા રાખવી તે વિષે આ પત્રિકા તમને જણાવે છે.

E_12222_COVID-19_What_to_expect_5-11years_H200mm_leaflet 03_guj.indd 2 24/02/2022 17:43:1

## આડ અસરો

બધી દવાઓની જેમ, વેકસીન્સ આડ અસરો કરી શકે. આમાંની મોટા ભાગની હળવી અને ટૂંકા ગાળાની હોય છે અને કંઈ બધાજ બાળકોને તે થતી નથી. ખૂબજ સામાન્ય આડ અસરોની અસર એક અથવા બે દિવસ સુધીની હોઈ શકે. દ્વિતીય વેકસીનના ડોસ કે માત્રા પછી ફાઈઝર (Pfizer) વેકસીન વધારે આડ અસરો કરવાનું વલણ ધરાવે છે.

પ્રથમ અથવા બીજા દિવસમાં ખૂબજ સામાન્ય આડ- અસરોમાં સમાવેશ થાય છેઃ

- જયાં તેઓએ તેમનું હાથમાં ઈંજેકશન લીધુ હોય ત્યાં દરદ, ભારે સંવેદનશીલતા અને આળાપણુ
- કંટાળો લાગે
- માથાનો દુખાવો, દરદ- પીડા અને ઠંડી

તેઓને કદાચ ફ્લૂ જેવા લક્ષણો જણાય કે જેમાં એક અથવા બે દિવસો સુધી ધ્રૂજારી અને થથરાટના કે કાંપવાના બનાવો રહે. આમ છતાં પણ, શરીરનું ઊંચુ ઉષ્ણતામાન કે તાવ કદાચ એવુ પણ બતાવી શકે કે તેઓને કોવિડ-19 (COVID-19) અથવા બીજો ચેપ હોય.

તેઓએ આરામ લેવો જોઈએ. તેઓને વધારે સારુ લાગવામાં મદદરૂપ બનવા તમે તેઓને પેરાસિટિમોલ આપી શકો. તેઓની ઉંમર માટે પેરાસિટિમોલનો ડોસ અને પ્રકાર સાચો હોય તેની કૃપા કરી તપાસ કરો.

પેરાસિટિમોલ વિષે તમને અહીંયા વધારે માહિતી મળી શકે www.nhs.uk/medicines/paracetamol-for-children.

જે હાથમાં તેઓએ વેકસીન લીધુ હોય ત્યાં સરખી બાજુએ અસામાન્ય આડ અસરમાં બગલમાં અથવા ડોકમાં સોજી ગયેલ ગ્રંથિ. આ લગભગ 10 દિવસો સુધી ચાલી શકે, પણ જો તે લાંબા સમય રહે તો તમારા ડોકટરને મળો.



E_12222_COVID-19_What_to_expect_5-11years_H200mm_leaflet 03_guj.indd 3 24/02/2022 17:43:1

## જો તેઓના લક્ષણો વિષે તમને ફિકર- ચિંતા થાય તો શું કરવું

સામાન્યરીતે આવા લક્ષણો અઠવાડિયા કરતાં ઓછા સમય સુધી રહી શકે. જો તેઓના લક્ષણો વધારે બગડે અથવા તમને ફિકર-ચિંતા થાય તો, તમે NHS 111 ને ફોન કરી શકો. જો તમે ડોક્ટર અથવા નર્સ પાસેથી સલાહ મેળવવાનો પ્રયત્ન કરો તો, ખાતરી કરો કે તમે તેઓના વેક્સિનેશન વિષે જણાવો છો (તેઓને વેક્સિનેશન કાર્ડ બતાવો) જેથી કરીને તેઓ તમારા બાળકની યોગ્ય આકારણી કરી શકે.

તમે ઓનલાઈન યલો કાર્ડ સ્કીમ (Yellow Card scheme) મારફતે અથવા યલો કાર્ડ એપ્પ (Yellow Card app) ડાઉનલોડ દ્વારા વેકસીનની શંકાસ્પદ આડ અસરો અને દવાઓનો રિપોર્ટ પણ કરી શકો.

coronavirus-yellowcard.mhra.gov.uk

## શું વધારે બીજી ગંભીર આડ અસરો છે?

તાજેતરમાં, હ્રદયના સોજાના કેસીસ કે કિસ્સાઓ (કે જેને માયોકાર્ડિટિસ અથવા પેરિકાર્ડિટિસ કહેવામાં આવે છે) કે જે કોવિડ-19 (COVID-19) વેકસીન્સ પછી ખૂબજ ભાગ્યેજ રિપોર્ટ કરવામાં આવેલ છે.



E_12222_COVID-19_What_to_expect_5-11years_H200mm_leaflet 03_guj.indd 4 24/02/2022 17:43:1

મોટે ભાગે આવા કેસીસ વેક્સિનેશન પછીનો થોડાક દિવસોમાં યુવાન પુરુષોમાં જોવામાં આવે છે. સરળ ઉપચારો અને આરામને અનુસરીને મોટા ભાગના આવા લોકો જલદીથી પુનઃપ્રાપ્તિ મેળવી અને સારુ લાગતુ હોય છે.

જો તમારા બાળકને અનુભવો થાય તો તમારે તાકીદે તબીબી કે મેડિકલ સલાહનો પ્રયત્ન કરવો જોઈએઃ

- હ્યદયના દુખાવો કે દરદ
- હાંફ
- હ્યદયના ઝડપી ધબકારાની સંવેદના ફફડાટ, અથવા હ્યદયના ભારે અને ફરી ફરીને થતાં ધબકારા

## શું વેકસીનમાંથી તમારા બાળકને કોવિડ-19 (COVID-19) થઈ શકે?

તમારા બાળકને વેકસીનમાંથી કોવિડ-19 (COVID-19) થઈ ન શકે પણ એવી શકયતા રહે છે કે કોવિડ-19 (COVID-19) થયો હોઈ શકે અને તેઓની વેક્સિનેશન એપોઈન્ટમેન્ટ પછી તેઓને લક્ષણો હતાં તે સ્પષ્ટપણે જાણવામાં આવ્યા ન હોય.

કોવિડ-19 (COVID-19) ના સૌથી મહત્વના લક્ષણો નીચેના કોઈ પણની તાજેતરમાં શરૂઆત હોય છેઃ


- કોઈ એક નવો ચાલુ કફ
- શરીરનું ઊંચુ કે વધારે ઉષ્ણતામાન
- સામાન્ય સ્વાદ અથવા સૂંઘવાની, તેઓની સામાન્ય ઈન્દ્રિયોમાં ખોટ- ઉણપ, અથવા ફેરફાર (એનોસમીયા)

જો કે વેક્સિનેશનના એક અથવા બે દિવસની અંદર તાવ આવી શકે, જો તમારા બાળકને કોવિડ-19 (COVID-19) ના બીજા કોઈ પણ લક્ષણો હોય અથવા તેઓનો તાવ લાંબા વખત રહે તો, ઘરે રહી અને ટેસ્ટ કરાવવાની ગોઠવણ કરો.



E_12222_COVID-19_What_to_expect_5-11years_H200mm_leaflet 03_guj.indd 5 24/02/2022 17:43:1

## હવે પછી શું કરવું?




તમારા બાળકના વેક્સિનેશન પછી, તમને કોઈ એક રિકોર્ડ કાર્ડ આપવામાં આવશે. જો તમારા બાળકને દ્વિતીય કે બીજા ડોસની જરૂર રહેશે તો તેઓની હવે પછીની એપોઈન્ટમેન્ટ આશરે 8 થી 12 અઠવાડિયાઓના સમયમાં હશે. આવા દ્વિતીય ડોસ તેઓને લાંબા સમયનું રક્ષણ આપશે.

**તમારા બાળકના રિકોર્ડ કાર્ડ સુરક્ષિત રાખો. જો તમારા બાળકને દ્વિતીય ડોસની જરૂર રહે તો, તમારી હવે પછીની એપોઈન્ટમેન્ટ રાખવાનું ભૂલી જશો નહિ.**

## જો તમારું બાળક તેઓની એપોઈન્ટમેન્ટ માટે સ્વસ્થ ન હોય

જો તમારું બાળક સ્વસ્થ ન હોય તો, તબિયતની પુનઃપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તેમનું વેકસીન લેવા માટે રાહ જોવાનું સારુ કહેવાય.

તમારા બાળકે વેકસીનની એપોઈન્ટમેન્ટમાં જવું ન જોઈએ જો તે સ્વયં- એકાંતવાસમાં હોય અથવા કોવિડ-19 (COVID-19) ટેસ્ટ માટે રાહ જોતુ હોય. આદર્શરીતે તમારા બાળકના પોઝિટિવ કોવિડ-19 (COVID-19) ના ટેસ્ટ પછી 12 અઠવાડિયાઓ રાહ જોવી જોઈએ અથવા જો તમારું બાળક વધારે જોખમ- ભયમાં હોય તો ઓછામાં ઓછા 4 અઠવાડિયાઓ.

## શું વેકસીન તમારા બાળકનું રક્ષણ કરશે?

તમારા બાળકે જે કોવિડ-19 (COVID-19) નું વેકસીન લીધુ હોય તે તેને કોવિડ-19 (COVID-19) ના રોગમાંથી પીડાવાની સંભાવના ઓછી કરે છે તે બતાવવામાં આવેલ છે.

વેકસીનના મિલ્યન્સ ડોસ સમગ્ર વિશ્વમાં આપવામાં આવેલ છે. વેકસીન બાળકો અને યુવાન લોકોમાં ખૂબજ અસરકારક રહેલ છે.



E_12222_COVID-19_What_to_expect_5-11years_H200mm_leaflet 03_guj.indd 6 24/02/2022 17:43:1

વેકસીનમાંથી થોડાક રક્ષણનો વિકાસ- વૃધ્ધિ કરવા તમારા બાળકના શરીરને માટે થોડાક અઠવાડિયાઓ લાગી શકે. બધી દવાઓની જેમ, કોઈ પણ વેકસીન સંપૂર્ણરીતે અસરકારક હોતુ નથી, તેથી તમારું બાળક કોઈ ચેપ લાવે તે ટાળવા માટે તમારે ભલામણ કરવામાં આવેલ સાવચેતીઓ ચાલુ રાખવી જોઈએ.

વેક્સિનેશન લીધા પછી પણ થોડાક બાળકોને હજી પણ કોવિડ-19 (COVID-19) થઈ શકે, પણ આ ઓછુ ગંભીર હશે.

## તમારું બાળક તેમનું વેકસીન લીધા પછી શું કરી શકે.

તમારા બાળકને વેકસીન કોવિડ-19 (COVID-19) નો ચેપ આપી ન શકે, અને તે તેઓને બીમાર થવાની સંભાવના ઓછી કરશે.

ચાલુ રાષ્ટ્રીય માર્ગદર્શન કે નેશનલ ગાઈડન્સ અનુસરવાનું ચાલુ રાખવાનું હજી પણ તે મહત્વનું હોય છે. તમારું બાળક તેમનું વેકસીન લીધા પછી, સ્કૂલે જવાનું ચાલુ રાખી શકે.

તમારું પોતાનું અને તમારા પરિવાર, મિત્રો અને સાથીદારોનું રક્ષણ કરવા, તમારે અવશ્ય હજી પણઃ

- સામાજિક અંતર રાખવા વિષે વિચારવું જોઈએ
- જયારે સલાહ આપવામાં આવે ત્યારે મોઢા ઉપરનો મુખવટો કે માસ્ક પહેરવો
- તમારા હાથો સંભાળપૂર્વક અને વારંવાર ધોવો
- તાજી હવા અંદર આવવા દેવા બારીઓ ખોલો
- ચાલુ માર્ગદર્શનો અનુસરો (gov.uk/coronavirus)





E_12222_COVID-19_What_to_expect_5-11years_H200mm_leaflet 03_guj.indd 7 24/02/2022 17:43:1

## કોવિડ-19 (COVID-19) કેવી રીતે ફેલાય છે

મોઢા અથવા નાકમાંથી શ્વાસથી બહાર કાઢવામાં આવેલ નાના ટીંપામાંથી, કોવિડ-19 (COVID-19) ફેલાય છે, ખાસ કરીને બોલતા અથવા કફીંગ કરતી વખતે. દૂષિત વસ્તુઓ અને સપાટીઓ સાથેના સંપર્કમાં આવ્યા બાદ તે તમારી આંખો, નાક અને મોઢા દ્વારા લઈ લેવામાં પણ આવી શકે.

## વધારે માહિતી

વેકસીન વિષેની વધારે વિગતો માટે કૃપા કરી બનાવટની માહિતી પત્રિકાનું વાંચન કરો, કે જેમાં સમાવેશ હોય કોરોનાવાઈરસ યલો કાર્ડ વેબસાઈટ ઉપર, સંભવનીય આડ અસરો.

યલો કાર્ડ એપ્પને (Yellow Card app) ડાઉનલોડ કરવાથી અથવા એકજ સરખી વેબસાઈટ ઉપર તમે શંકાસ્પદ રહેલ આડ અસરોનો પણ રિપોર્ટ કરી શકો. વધારે માહિતી મળી રહે છે www.nhs.uk/conditions/coronavirus-covid-19/coronavirus-vaccination માંથી







© Crown copyright 2022. V1 1p 500K JAN 2022 (APS)
UK Health Security Agency gateway number: 20211179.
Product code: C22W511GU Gujarati.

This leaflet is also available as an Easy Read version, braille, large print, and in Albanian, Arabic, Bengali, Bulgarian, Chinese, Estonian, Greek, Gujarati, Hindi, Panjabi, Latvian, Lithuanian, Polish, Portuguese Brazilian, Romany, Romanian, Russian, Somali, Spanish, Turkish, Twi, Ukrainian and Urdu paper copies.

આ પત્રિકાની વધારે નકલો ઓર્ડર કરવા મુલાકત લો www.healthpublications.gov.uk અથવા ફોન કરો: 0300 123 1002 (સોમવારથી શુક્રવાર સવારના 8 થી સાંજના 6).

E_12222_COVID-19_What_to_expect_5-11years_H200mm_leaflet 03_guj.indd 8 24/02/2022 17:43:1